તાપમાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૦.૦° સે. | ૧૭.૦° સે. |
| આહવા | ૩૨.૦° સે. | ૧૫.૦° સે. |
| વલસાડ | ૩૦.૦° સે. | ૧૫.૦° સે. |
| વાપી | ૩૦.૦° સે. | ૧૫.૦° સે. |

## નવસારીમાં આધાર કૌભાંડમાં સુપરવાઇઝરની ધરપકડ

**નવસારી**માં આધાર કાર્ડ જેવી અતિમહત્ત્વપૂર્ણ ઓળખ પ્રક્રિયામાં ગેરરીતિનો મામલો ગંભીર બન્યો

**ગઇકાલે** આધાર કાર્ડ ઓપરેટર શહેઝાદ શબ્બીર શેખની ધરપકડ કરી હતી

નવસારી : નવસારી જિલ્લામાં આધાર કાર્ડ જેવી અતિમહત્વપૂર્ણ ઓળખ પ્રક્રિયામાં થયેલી ગંભીર ગેરરીતિનો મામલો હવે વધુ ગંભીર બનતો જઇ રહ્યો છે. જલાલપોર મામલતદાર કચેરીના 'સર્વિસ પ્લસ પોર્ટલ'ના આઇડી-પાસવર્ડનો દુરુપયોગ કરીને ગેરકાયદે આધાર કાર્ડ ઈશ્યૂ કરવાના પ્રકરણમાં કલેક્ટરની સ્પષ્ટ સૂચના બાદ મામલતદારે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો છે કે વિદેશમાં વસવાટ કરતી એક NRI મહિલાને આધાર કાર્ડ બનાવી આપવા માટે મરોલી વિસ્તારના આધાર કાર્ડ ઓપરેટરે પોતાના સુપરવાઇઝર સાથે સાંઠગાંઠ કરી રૂપિયા ૭,૦૦૦ની લાંચ લઈ આધાર કાર્ડ ગેરકાયદે રીતે ઈશ્યૂ કરવામાં આવ્યો હતો. આ ગંભીર ગેરરીતિ બહાર આવતા નવસારી ટાઉન પોલીસે સૌપ્રથમ આધાર કાર્ડ ઓપરેટર શહેઝાદ શબ્બીર શેખની ધરપકડ કરી હતી. ત્યારબાદ તપાસનો દોર સમગ્ર પ્રકરણમાં મુખ્ય ભૂમિકા ભજવનાર સુપરવાઇઝર હરેશ રાજ્યગુરુ પણ પોલીસ પકડમાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

હાલ પોલીસે બંને આરોપીઓની પૂછપરછ શરૂ કરી છે અને સરકારી પોર્ટલના આઈડી-પાસવર્ડના દુરુપયોગની સંપૂર્ણ સાંકળ બહાર લાવવાનો પ્રયાસ કરી રહી છે. આ પ્રકરણમાં અન્ય કોઈ કર્મચારી કે અધિકારી સંડોવાયેલો છે કે નહીં તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. આધાર જેવી રાષ્ટ્રીય ઓળખ પ્રક્રિયામાં થયેલી આ ગેરરીતિ બાદ તંત્રની કાર્યપદ્ધતિ, સુરક્ષા અને દેખરેખ અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

બીલીમોરામાં ભરબપોરે દોઢ કલાકની અંદર જ

# તસ્કરોએ ૬ ફ્લેટના તાળા તોડ્યાં

**બીલીમોરાનાં** એપાર્ટમેન્ટના બે ફ્લેટમાંથી ૮૮ હજારની મતા ચોરી કરી ગયા

**એપાર્ટમેન્ટના** બીજા ત્રણથી ચાર બંધ ખાલી ફ્લેટોના તાળા તોડ્યા પણ સફળતા ન મળી

**બપોરે** ટૂંકા સમયમાં થયેલી ચોરીથી એપાર્ટમેન્ટ વાસીઓમાં ગભરાટ ફેલાયો



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરાના સાગરદર્શન એપાર્ટમેન્ટના ૬ ફ્લેટના તસ્કરોએ તાળા તોડી રૂપિયા ૮૮ હજારની મતા ચોરી કરી જતાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ બીલીમોરા વખારિયા બંદર રોડ ઉપર આવેલા સાગરદર્શન એપાર્ટમેન્ટને ચોરોએ બપોરે નિશાન બનાવી દોઢ કલાકની અંદર જ ૬ જેટલા ફ્લેટોના તાળા તોડી નાખ્યા હતા. જેમાં ચોથા માળે રહેતા નરેશ માણસુરભાઈ ગોહિલના ફ્લેટના દરવાજાનું તાળું નકુચા સાથે તોડી રૂમમાં મુકેલ પતરાના કબાટને પણ તોડી તેમાંથી ૬૦ હજારની પાંચ ગ્રામની સોનાની બુટ્ટી અને ૮ હજાર રોકડા ચોરી કરી ગયા હતા. તેવી જ રીતે બીજા માળે રહેતા મહેશ બાબુભાઈ રાણાના ફ્લેટનો દરવાજો તોડી રૂપિયા ૨૦ હજાર રોકડા મળી કુલ ૮૮ હજારની ચોરીની ફરિયાદ નરેશ માણસુરભાઈ ગોહિલે પોલીસમાં નોંધાવી છે. જોકે ચોરો આટલાથી અટકતા ન હતા. જતા જતા આજ એપાર્ટમેન્ટના બીજા ત્રણથી ચાર બંધ ખાલી ફ્લેટોના તાળા તોડ્યા હતા પણ તેમાંથી ચોરોને સફળતા મળી ન હતી. બપોરે ચારથી સાડા પાંચ વાગ્યાના ટૂંકા સમયમાં થયેલી ચોરીથી એપાર્ટમેન્ટ વાસીઓમાં ગભરાટ ફેલાયો છે. એપાર્ટમેન્ટમાં એક પણ સીસીટીવી કેમેરા ન હોવાથી ચોરોને મોકળું મેદાન મળ્યું હતું.

### નવસારીના એપાર્ટમેન્ટમાંથી રૂપિયા ૧.૬૫ લાખના દાગીનાની ચોરી

નવસારી : નવસારીના સ્ટેશન રોડ વિસ્તારમાં સંતોષ એપાર્ટમેન્ટમાં ઘરફોડ ચોરીનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ અનુસાર તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે અજાણ્યો ચોર મકાન નં. ૨૦૧, સંતોષ એપાર્ટમેન્ટના ઘરના મુખ્ય દરવાજે લાગેલું તાળું તોડી પ્રવેશ્યો હતો. ચોરે તિજોરીમાંથી સોનાના દાગીના ચોરી લઈ ગયા હતા, જેની કિંમત રૂપિયા ૧,૬૫,૦૦૦ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ મામલે ઘરની માલિક ભૂમિકા પટેલ (ઉ ૩૦ વર્ષ, વ્યવસાય ખાનગી નોકરી) દ્વારા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને આસપાસના વિસ્તારોમાં સીસીટીવી ફૂટેજ ચકાસી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડના બ્રહ્મકુમારી માર્ગ પર 2 કિલો ગાંજા સાથે મોપેડસવાર યુવકને ઝડપાયો



વલસાડ : વલસાડ આવાંબાઇ હાઈસ્કૂલની સામે બ્રહ્મકુમારીઝ માર્ગ પર બાતમીના પગલે એસઓજીની ટીમે એક યુવકને 2 કિલો ગાંજાના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. જેની પાસેથી રૂપિયા 1 લાખની મત્તાનો ગાંજો અને તેનું મોપેડ પોલીસે કબજે કર્યું છે. એસઓજીની ટીમે વલસાડ શહેરમાં આવાંબાઇ સામેના રોડ પર નાકાબંધી કરી હતી. જેમાં તેમણે બાપા સીતારામ મંદિર પાસેની ગલીમાં ધોબીતળાવ વિસ્તારમાંથી એક યુવકને ગાંજાના જથ્થા પાસે પકડી પાડ્યો હતો. પોલીસે તેની પુછતાછ કરતા તેણે પોતાનું નામ અભય બાલગોવિંદ તિવારી અને મોગરાવવાડી હનુમાન ફળિયામાં રહેતો હોવાનુ જણાવ્યું હતુ. તેની પાસેથી પોલીસે રૂપિયા 1 લાખની મત્તાનો 2 કિલો ગાંજો પકડી પાડ્યો હતો. આ ગાંજો તે સુરતના અશ્વિનીકુમાર વિસ્તારમાં રહેતા વ્યક્તિ પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતુ. જેના પગલે પોલીસે આ બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### નવસારી પાલિકાના પૂર્વ પ્રમુખ કાંતિલાલનું દુ:ખદ અવસાન



નવસારી : નવસારી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ કાંતિલાલ ઉર્ફે કાન્તુભાઈ ભીખાભાઈ પટેલનું તા. ૦૪/૦૧/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયું છે. તેમના અવસાનના સમાચારથી નવસારી તથા જલાલપોર પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. કાંતિલાલ ઉર્ફે કાન્તુભાઈ પટેલે નગરપાલિકાના પ્રમુખ તરીકે પોતાના કાર્યકાળ દરમિયાન શહેરના વિકાસ, નાગરિક સુવિધાઓ અને વહીવટી કામગીરીમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. સદગતની સ્મશાન યાત્રા તા. ૦૬/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ કલાકે તેમના નિવાસસ્થાન મકાટીવાડ, જલાલપોરથી નીકળશે અને જલાલપોર સ્મશાન ગૃહ (ક્રિકેટના ગ્રાઉન્ડ પાસે) પહોંચશે. તેમના નિધનથી રાજકીય, સામાજિક તેમજ નગરપાલિકા વર્તુળોમાં ઘેરો શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે અને અનેક આગેવાનો તથા નાગરિકોએ શોક સંદેશો પાઠવી તેમને શ્રદ્ધાંજલિ અર્પી છે.

### ચીખલીમાં ટ્રકની ટક્કરથી બાઇકસવારનું મોત

ઘેજ : ચીખલી વસુધારા ડેરી માર્ગ ઉપર ટ્રકની ટક્કરથી બાઇક પાછળ બેસેલા શખ્સ પર ટ્રકનું ટાયર ફરી વળતા સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું. અબરાર ઇશાક મન્સૂરી સ્પ્લેન્ડર મોટર સાયકલ નં જીજે-૨૧-બીએલ-૩૭૪૫ લઈ મિત્ર ગમનભાઇ રણછોડભાઇ કોળચા (ઉ.વ-૫૭ રહે.અંભેટા નાના ફળીયા તા.ગણદેવી) ને મુકવા જઇ રહ્યા હતા. તે સમય દરમ્યાન કોલેજ રોડ ઉપર પહોંચતા પુરપાટ ઝડપે આવી રહેલી એક હાઇવા ટ્રકના ચાલકે ટ્રક પુરઝડપે હંકારી લાવી મોટર સાયકલને ટક્કર મારતા પાછળ બેસેલા ગમનભાઇ કોળચા ઉપરથી હાઇવા ટ્રકનું ટાયર ફરી વળતા મોત નિપજ્યું હતું. જોકે અકસ્માત સર્જી હાઇવા ચાલક સ્થળ ઉપરથી ફરાર થઇ ગયો હતો. ઉપરોક્ત બનાવની ફરિયાદ અબરાર ઇશાક મન્સૂરીએ આપતા પોલીસે અજાણ્યા હાઇવા ચાલક વિરૂધ્ધ અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-બી.સી.ગઢવીએ હાથ ધરી હતી.

### સોળસુંબામાં યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ

ઉમરગામ : ઉમરગામના સોળસુંબામાં યુપીવાસી યુવાને ગળે ફાંસો ખાઇ જીવન ટુંકાવ્યુ હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામે આદર્શ નગરમાં વિનોદભાઈની ચાલીમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશનો યુવાન કમલેશ જોખુંરામ શાહુએ કોઈ અગમ્ય કારણોસર શુક્રવારે બપોરે બે કલાકથી સાંજના પાંચ કલાક દરમિયાન રૂમના ઘરના ઉપરના ભાગે લાગેલી લોખંડની એંગલ સાથે કપડું બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવની ઉમરગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### વાપીમાંથી કિશોર અને યુવક ગુમ થયા

વાપી : વાપી જૂના સી ટાઈપમાંથી કિશોર અને ચણોદમાંથી એક યુવક ગુમ થયા છે. વાપી જૂના સી ટાઇપમાં રહેતા આશુતોષ દુર્ગવિજય સીંઘનો પુત્ર વીરપ્રતાપ સિંઘ (ઉંઆ.13) શાળાએ જવા માટે નીકળ્યો હતો. સાડા દશેક વાગ્યાની આસપાસ શાળાના કલાસ ટીચરનો ફોન આવ્યો કે, વીરપ્રતાપસિંઘ શાળાએ આવેલો નથી. જેથી પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. છોકરો રામલીલા મેદાનની બાજુમાં ગલીમાં જોવા મળ્યો હતો. જેથી પિતાએ તેને બૂમો મારી હતી જેથી તે પિતાને જોઈને ભાગી છૂટ્યો હતો. જોકે, રાત સુધી તે ઘરે ન આવતા પિતાએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં પુત્ર કયાંક ચાલી ગયાની અથવા અપહરણ કરી ગયાની ફરિયાદ નોંધાવી હતી. જ્યારે બીજા બનાવમાં ચણોદ અમર નગરમાં આવેલી ચાલીમાં રહેતા શ્રવણ રતન માંઝીનો પુત્ર અર્જુનકુમાર (ઉં.19) ગત તા.30-12-25 ના રોજ ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગયો હતો. તે માનસિક રીતે અસ્થિર છે. આ બનાવની જાણ પિતા શ્રવણે વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

### હાઇવા ક્રેન અને બાઈક વચ્ચે અકસ્માતમાં પત્નીનું મોત, પતિને ગંભીર ઇજા

ઉમરગામ : ઉમરગામ તાલુકાના ફણસા ગામમાં રહેતા પંકજભાઈ જગલાભાઈ કોળી અને તેમની પત્ની જ્યોત્સનાબેન પંકજભાઈ કોળી શનિવારે સાંજના ચારેક વાગ્યાના સુમારે હીરો હોન્ડા સીબીઝેડ એક્ટીરમ મોટરસાયકલ નંબર જી જે- 15 એન એન 8983 લઈને બંને જણા ફણસા ગામથી મરોલી ગામ જતા હતા. ત્યારે મરોલી ચાર રસ્તાથી દમણ તરફ જતા કોસ્ટલ હાઇવે રોડ ઉપર મરોલી ચાર રસ્તાથી આશરે 400 મીટરના અંતરે હાઇવા ક્રેન સાથે બાઈકને અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં જ્યોત્સનાબેનનું ઘટના સ્થળે જ મોત થવા પામ્યુ હતુ. જ્યારે પંકજભાઈને ગંભીરે ઈજાઓ થતા વાપીની હરિયા હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ બનાવ અંગે નારગોલ મરીન પોલીસમાં કલ્પેશભાઈ ગોવિંદભાઈએ ફરિયાદ આપતા પોલીસે હાઇવા ક્રેનના ચાલક દેવીદરકુમાર સુખદેવસિંગ (રહે ફણસા ચાર રસ્તા) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

અબોલ જીવો પર અત્યાચારની હદ વટાવી!

# નવસારીની કૃષ્ણા પાર્ક સોસાયટીમાં ગલુડિયાને નિર્દયતાથી માર મરાયો

**નવસારીના** પશ્ચિમ વિસ્તારમાં ગલુડિયાના પગ તોડી નાખ્યાનો ગંભીર આક્ષેપ, મહિલાની ફરિયાદ બાદ પોલીસ હરકતમાં



નવસારી: નવસારીની કૃષ્ણા પાર્ક સોસાયટીમાં અબોલ જીવ પ્રત્યે થયેલા ક્રૂર વર્તનનો હૃદયદ્રાવક બનાવ સામે આવ્યો છે. સોસાયટીના વ્યક્તિએ ગલુડિયાને નિર્દયતાથી માર મારી ગંભીર રીતે ઈજાગ્રસ્ત કરતા રહીશોમાં રોષ ઉભો થયો છે.

આ મામલે સોસાયટીની રીટાબેન સાપરિયાએ નવસારી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર, ગત ૧ જાન્યુઆરીના રોજ બપોરે તેઓ એક બીમાર સ્વાનની સારવાર કરાવીને પરત ફર્યા ત્યારે સોસાયટીના રોડ પર એક ગલુડિયું લોહીલુહાણ અને અર્ધબેહોશ હાલતમાં પડેલું હતું. આસપાસના લોકોની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે સોસાયટીના રવિ ટંડેલે ગલુડિયાને લાકડાના દંડાથી માર મારીને ફેંકી દીધું હતું.

રીટાબેન ગલુડિયાને વેટરનરી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તબીબે ગલુડિયાના પગમાં ફ્રેક્ચર હોવાનું જણાવ્યું હતું.

ફરિયાદમાં જણાવાયું છે કે, આ બાબતે આરોપીને પૂછવા જતા તેણે ધમકીભર્યું વર્તન કહ્યું હતું કે, "હું તો કુતરાઓને મારિશ જ, તમારાથી થાય તે કરી લેજો." ઘટનાના થોડા દિવસો બાદ ફરી એકવાર સ્વાનની ચીસો સાંભળી બહાર આવતા રવિ સ્વાનને મારતો હોવાનું જોવાયું હતું. આ ઘટનાને પગલે અબોલ જીવો પર થતા અત્યાચાર સામે અવાજ ઉઠાવતા રીટાબેને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ સહિતની લાગુ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ડાંગ આયુર્વેદિક ફાર્મસીના ભ્રષ્ટ વહીવટ વિરુદ્ધ બ્યૂગલ ફૂંકાયું

**અન્યાયી** રીતે છૂટા કરાયેલા કર્મચારીઓ લેબર કોર્ટના શરણે, પ્રમુખ-મંત્રી સામે હાઈકોર્ટમાં PILની તૈયારી

સાપુતારા : ડાંગ જિલ્લાની આયુર્વેદિક ફાર્મસી મંડળીમાં ગેરકાયદે અને પૂર્વ નોટિસ વિના છુટા કરાયેલા સભાસદોએ ન્યાય માટે લેબર કોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારી કરી લેતા ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસીના ભ્રષ્ટ વહીવટદારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસીના સંચાલનમાં વર્ષોથી ગંભીર નાણાકીય અનિયમિતતાઓ અને નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોય તેવા આક્ષેપ થતા જોવા મળી રહ્યા છે. સંચાલકોએ જાણે ફાર્મસી મંડળીને પોતાની ખાનગી પેઢી સમજીને વહીવટ શરૂ કર્યો હોય તેમ, લાયક કર્મચારીઓ અને સભાસદોને સહેજ પણ પક્ષ રજૂ કરવાની તક આપ્યા વિના બહારનો રસ્તો બતાવી દેવામાં આવ્યો છે. આ શ્રમિક વિરોધી નીતિ અને અનૈતિક નિર્ણયો વિરુદ્ધ હવે પીડિતોએ દસ્તાવેજી પુરાવાઓ એકત્રિત કરી કાયદેસરની લડાઈ લડવાનો નિર્ધાર કર્યો છે. આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો છે જ્યારે જાણવા મળ્યું છે કે આ કથિત કૌભાંડી સંચાલન સામે માત્ર લેબર કોર્ટ જ નહીં, પરંતુ ગુજરાત હાઈકોર્ટમાં પણ પિટિશન દાખલ કરવાની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. વર્તમાન પ્રમુખ અને મંત્રીને સીધા પક્ષકાર બનાવીને જાહેર હિતની અરજી (PIL) દાખલ થવાની હોવાની વિગતો બહાર આવતા ગુજરાતના રાજકીય વર્તુળોમાં ચકચાર જાગી છે. જ્યારે સંસ્થાના પાયામાં જ ભ્રષ્ટાચાર હોય, ત્યારે કાયદાકીય માર્ગ જ એકમાત્ર વિકલ્પ રહે છે. અમે તમામ પુરાવાઓ સાથે લેબર કોર્ટ અને હાઈકોર્ટમાં જવાની તૈયારી બતાવી છે. ગેરરીતિઓના પહાડ પર બેઠેલા કથિત કૌભાંડી પ્રમુખ અને મંત્રી તથા જવાબદાર અધિકારીઓમાં અત્યારે ભારે ડરનો માહોલ ફેલાયો છે. જે રીતે કાયદાકીય સકંજો કસાઈ રહ્યો છે,

# કેવડીમાં પ્રાર્થના સભા બાબતે પડોશીઓ બાખડ્યા

**પ્રાર્થના** સભાના આયોજન જેવી ક્ષુલ્લક બાબતે મામલો બિચક્યો; રસ્તામાં રોકી માર મારતા 4 સામે ગુનો દાખલ

વાંસદા: કેવડી ગામના નીચલા ફળિયામાં રહેતા આશિષભાઈ રતનભાઈ ધુલુમ (ઉં.વ. 24) ના ઘરે રાત્રિના 8 થી 9 વાગ્યા દરમિયાન એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભા પૂર્ણ થયા બાદ સવા નવ વાગ્યાના અરસામાં, ફળિયામાં જ રહેતા રણજીતભાઈ ઝુપલભાઈ ભોયા અને ભાવેશભાઈ એસ. ગાવિત આશિષભાઈના ઘરે પહોંચ્યા હતા. તમારા ઘરે બહારના માણસો બોલાવી પ્રાર્થના સભા કરવી નહીં તેમ કહી આ શખ્સોએ આશિષભાઈના પિતા સાથે ઉગ્ર બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. ઝઘડા બાદ જ્યારે આશિષભાઈ તેમના પડોશી અરુણભાઈ સાથે મોટર સાયકલ પર ફળિયામાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓએ તેમને રસ્તામાં આંતર્યા હતા. અને રણજીતભાઈ, અમિતભાઈ અને કિરણભાઈએ ગાળાગાળી કરી આશિષભાઈ તેમજ અરુણભાઈને ઢીક-મુક્કીનો માર માર્યો હતો.

આ દરમિયાન આશિષભાઈના માતા-પિતા અને પત્ની વચ્ચે પડતા આરોપીઓએ તેમની માતા સાથે પણ ધક્કા-મુક્કી કરી હતી. ઘટના બાદ જતાં-જતાં આરોપીઓએ ધમકી આપી હતી કે, આજે તો બચી ગયા છો, પણ બીજીવાર એકલ-દોકલ મળશો તો જાનથી મારી નાખીશું. તેવી ધમકી આપી હતી.

આ હિંસક ઘટના અંગે આશિષભાઈએ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. હાલ વાંસદા પોલીસે ગુનો નોંધીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ધરમપુરના વ્યંઢળે દારૂના નશામાં વલસાડ પોલીસ મથક માથે લીધું

**વ્યંઢળે** અન્યના નામ પર ગાડી માટે લોન લીધી હતી અને ચૂકવતો ન હતો, જેના ઝઘડામાં તે પોલીસમથકે આવી ચઢ્યો



વલસાડ : ધરમપુરના એક વ્યંઢળે દારૂના નશામાં વલસાડ સિટી પોલીસ મથક માથે લીધું હતુ. પહેલા તેણે પોલીસ સ્ટેશન બહાર એક યુવક સાથે બોલાચાલી કરી આખા રસ્તા પર તોફાન કર્યું હતુ અને પછી પોલીસ મથકે પહોંચી કપડાં ઉતારી ત્યાં જ બિભત્સ વર્તન કર્યું હતુ. તેમજ આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો. જેના પગલે પોલીસે તેની વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ ધરમપુરમાં લીમડા ચોક પર રહેતા વ્યંઢળે ઝોયા ઉર્ફે ઝુબેર મંજૂરઅલી શેખ (ઉવ.27) એ મણીનગર પોલીસ હેડક્વાર્ટરમાં રહેતા ગૌતમ નાયકાના નામ પર લોન લીધી હતી. આ લોન તે ભરતો ન હતો.

જે અંગે તેની બોલાચાલી થઇ હતી અને તે પોલીસ મથક બહાર જ ઝગડી રહ્યો હતો. જેમાં વ્યંડળ ઝોયા ઉર્ફે ઝુબેરે તેને માર્યો હતો. તેમજ રસ્તા પર સૂઈ જઈ રસ્તાને બાનમાં લેવાની કોશીષ કરી હતી.

જોકે, ત્યારબાદ પોલીસ આવી ગઇ અને તેને પોલીસ મથકે લઇ ગઇ હતી. તો ત્યાં ઝોયા ઉર્ફે ઝૂબેરે પોતાના કપડાં પણ ઉતારી પોલીસ કાર્યવાહીથી બચવાનો પ્રયાસ કર્યો હતો. તેણે ચિક્કાર દારૂ પીધેલો હોય પોલીસની વાત જ સાંભળતો ન હતો. જેના પગલે પોલીસે તેને જેમ તેમ કપડાં પહેરાવી લોકઅપમાં પૂર્યો હતો. ત્યારે તેણે પોતે પહેરેલી સાડીથી ગળે ફાંસો ખાવાની પણ કોશીષ કરી હતી. જેના પગલે પોલીસે તેને બહાર કાઢી તેની સાથે આવેલા યુવક પાસેથી પેન્ટ શર્ટ મંગાવી તેને પહેરાવ્યા હતા. આ સમગ્ર ઘટનાએ પોલીસ બેડામાં ભારે ચર્ચા જગાવી હતી. આ બનાવ સંદર્ભે પોલીસે જાતે ફરિયાદી બની તેની વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

### નવસારીનાં આમરી ગામમાં અકસ્માતમાં યુવકનું મોત

નવસારી : નવસારી તાલુકાના આમરી ગામ વિસ્તારમાં અચાનક બનેલા અકસ્માતમાં એક યુવકનું મોત નિપજ્યું છે. મળતી માહિતી અનુસાર ભાટીયા ટોલનાકા નજીક આવેલી શ્રી બાલાજી સિક્યુરિટી સર્વિસમાં નોકરી કરતા અને આમરીગામે આવેલી રમેશભાઈ મારવાડીની રૂમમાં રહેતા ધર્મરાજ લલ્લુ યાદવ (ઉંમર ૩૫) રાત્રે ૮ વાગ્યાના અરસામાં અચાનક ખાટલા ઉપરથી પડી જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આસપાસના લોકો દ્વારા તેમને તાત્કાલિક નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન ફરજ પરના તબીબે સાંજે ૮:૩૦ કલાકે યુવકને બ્રેઈન ડેડ જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ આમરી ગામમાં રહેતા દિનેશભાઈ યાદવ દ્વારા નવસારી રૂરલ પોલીસને કરવામાં આવી હતી.

# લોન અપાવવાના નામે વેપારી સાથે રૂપિયા ૬૯.૫૫ લાખની છેતરપિંડી

**વેપારીને** વધુ આવકની લાલચ આપી વિવિધ બેંકોમાંથી લોન મંજૂર કરાવી રકમ ઉપાડી લેવાના બે સામે ગુનો

નવસારી : નવસારીમાં વેપારી સાથે મોટી રકમની છેતરપિંડી કરવાના ગંભીર પ્રકરણમાં નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

વર્ષ ૨૦૨૩થી આજદિન સુધી ચાલેલી આ ઠગાઈમાં આરોપીઓએ લોન અપાવવાની લાલચ આપી ફરીયાદીના નામે વિવિધ બેંકોમાંથી લોન મંજુર કરાવી, તે રકમ પોતાના ઉપયોગમાં લઈ લીધી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

વિજલપોર વિસ્તારમાં રહેતા વેપારી રાજીવકુમાર રામબહાદુર વર્માએ નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી રાજેન્દ્ર ઉર્ફે રાજ ગીરધરભાઈ સોલંકી તથા પી.કે. કન્સલ્ટન્સી (માલિક પ્રદીપ રામચરણ મિશ્રા)એ ફરીયાદીને ફળોની ખેતી અને વેપારમાં વધુ આવક મળશે તેવી વાતો કરી વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ નવસારી રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડા સહિત અન્ય બેંકોમાંથી ફરીયાદીના નામે રૂપિયા ૬ લાખ, રૂપિયા ૩૦ લાખ અને રૂપિયા ૧૩.૫૫ લાખની લોન મંજુર કરાવી કુલ રૂપિયા ૪૯.૫૫ લાખની રકમ ઉપાડી લેવામાં આવી હતી.

આ ઉપરાંત અન્ય એક વ્યક્તિના નામે રૂપિયા ૨૦ લાખની લોનનો બોજો નાખી કુલ રૂપિયા ૬૯.૫૫ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

લોનની કિશ્તો ન ભરાતા ફરીયાદીને ગંભીર નાણાકીય નુકસાન ભોગવવું પડ્યું હતું. હાલ નવસારી ટાઉન પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# વાપીમાં ગાંજાનું વેચાણ કરવા આવેલા 3 બિહારી યુવક ઝડપાયા

**એસ.ઓ.જી.ની** કાર્યવાહી: બિહારથી ગાંજો લાવી વાપીમાં છૂટક વેચાણ કરવાનો હતો મનસૂબો



વાપીઃ વાપીના ગુંજન વિસ્તારમાં અંબામાતા મંદિર પાસે એસ.ઓ.જી.ની ટીમે દરોડો પાડી 2 કિલોથી વધુના ગાંજાના જથ્થા સાથે ત્રણ બિહારીની ધરપકડ કરી છે.

એસ.ઓ.જી.ની ટીમ વાપીમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન ગુંજન અંબામાતા મંદિરની બાજુમાં આવેલા રામલીલા ગાર્ડન સામે એક બાઈક પર ત્રણ યુવકો બેઠેલા જણાયા હતા. પોલીસે પૂછપરછ હાથ ધરતા અને તલાશી લેતા તેમની પાસેથી પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. જેમાં નશીલો પદાર્થ હોવાની આશંકા જણાતા FSL ટીમનો સંપર્ક સાધ્યો હતો. એફ.એસ.એલ.ની તપાસમાં થેલીમાં 'ગાંજો' હોવાનું સાબિત થયું હતું. જેનું કુલ વજન 2.130 કિલોગ્રામ અને બજાર કિંમત આશરે રૂપિયા 1,06,500 આંકવામાં આવી છે. પકડાયેલા અને ડાભેલ રહેતા ત્રણેય આરોપીઓ સૌરવકુમાર શાહ (ઉં.વ. 19), વિક્કીકુમાર શાહ (ઉં.વ. 20), કૃણાલકુમાર શાહ (ઉં.વ. 19) ની પૂછપરછમાં મુખ્ય આરોપી સૌરવકુમારે કબૂલાત કરી હતી કે, તે આ ગાંજાનો જથ્થો બિહારમાં રહેતા બિજય પાસેથી રૂ. 18,000માં ખરીદીને લાવ્યો હતો. આ જથ્થો તે પોતાના મિત્રો સાથે મળીને વાપીમાં છૂટક વેચાણ કરી નફો કમાવવાના હેતુથી લાવ્યો હતો. પોલીસે ત્રણેય આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

